# તેરસ તમે રાખો અને ધન દલિત - આદિવાસી સમુદાયને આપો : જીગ્નેશ મેવાણી

## સચિવાલય ગેટ નં.૧ પાસેથી જીગ્નેશ મેવાણી સહિત પાંચની અટકાયત : નાયબ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવા આવેલા રાષ્ટ્રીય દલિત અધિકાર મંચનાં કાર્યકરોને સચિવાલયમાં પ્રવેશવા ન દેવાયા



રાષ્ટ્રીય દલિત અધિકાર મંચનાં કન્વીનર જીગ્નેશ મેવાણી તથા અન્ય કાર્યકરો આજે નવા સચિવાલય ખાતે નાણા મંત્રી અને નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલને આવેદનપત્ર સુપ્રત કરવા આવ્યા હતા. ધનતેરસનાં દિવસે ''તેરસ તમે રાખો અને ધન દલિત આદિવાસી સમુદાયને આપો'' વિષય પર ચાર પાના ભરીને લખાયેલા આવેદનપત્રને લઈને સચિવાલય સંકુલમાં પણ રાષ્ટ્રીય દલિત અધિકાર મંચનાં કાર્યકરો જઈ શક્યા ન હતા. ગાંધીનગર પોલીસે નવા સચિવાલય ગેટ નં.૧ ની બહારથી જ જીગ્નેશ મેવાણી સહિત પાંચેય આગેવાન-કાર્યકરોની અટકાયત કરી લીધી હતી.

# સે-૭-ડી શહેરીજન નૂતનવર્ષનું સ્નેહમિલન તા. ૩૧મીએ ઉજવશે

ગાંધીનગર, તા.૨૮

સેકટર-૭-ડીના બગીચામાં દિવાળીન ઉત્સવ નિમિત્તે ફટાકડ નહીં ફોડવા સેકટર-૭-ડી શહેરીજન સંસ્થા, સેકટર-૭-ડી નિવૃત્ત સરકારી અધિકારી મંડળે વિનંતી કરેલ છે.

વિશેષમાં દર વર્ષનીજમ બેસતા વર્ષના પ્રથમ દિવસે સ્નેહમિલન છેલ્લા ૨૫ વર્ષથી ઉજવવામાં આવે છે તે રીતે બેસતા વર્ષના દિવસે તા. ૩૧મી ઓકટોબર સોમવારે સવારે સત થી સાડા સાત વાગ્યા સુધી યોજાશે. આનંદ લાફીંગ કલબ દ્વારા હાસ્યસહ કસરત કરાવવામાં આવશે તેમ શ્રી જયંતભાઈ ભટ્ટ-પ્રમુખશ્રીએ જણાવેલ છે.

# માનવીય અભિગમ : કેદીઓ પોતાના પરિવાર સાથે ઉજવશે દીવાળી

## ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના કેદી અને તમામ સ્ત્રી કેદીઓને દીવાળીના પર્વે ૧૫ દિવસના પેરોલ મંજૂર : ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા

ગાંધીનગર, તા. ૨૮

શ્રી પ્રદિપસિંહ જાડેજા, ગૃહ મંત્રીશ્રીના જણાવ્યાનુસાર, રાજ્ય સરકારે કેદીઓ પ્રત્યે પણ માનવીય અભિગમ દાખવીને કેદીઓ દીવાળીના પર્વો પરિવાર સાથે ઉજવે તે માટે કેટલાંક કિસ્સામાં પ્રતિવર્ષની જેમ ૧૫ દિવસના પેરોલ મંજૂર કરવાનો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નિર્ણય લીધો છે.

રાજ્ય સરકાર કાયદો અને વ્યવસ્થાના દઢ અમલીકરણ માટે કૃતનિશ્ચયી છે. સાથે સાથે રાજ્ય સરકાર રાજ્યની જેલોમાં સજા ભોગવતા કેદીઓના પુનર્વસન હેઠળ તેમની સજા પુરી થયે તેઓ સમાજમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી શકે તે માટે જેલ જીવન દરમિયાન વિવિધ તાલીમ આપીને સમાજ જીવન પ્રવાહમાં ભળે તે માટેની પરિસ્થિતિ નિર્માણ કરે છે. કેદીઓ માટેની આવી કલ્યાણકારી પ્રવૃત્તિઓના ભાગરૂપે રાજ્ય સરકારે પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે તા. ૨૮-૧૦-૨૦૧૬થી એટલે કે ધનતેરસના દીવાળી પર્વથી ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના પુરૂષ કેદીઓ અને તમામ મહિલા કેદીઓને ૧૫ દિવસના પેરોલ મંજૂર કરવાનો નિર્ણય કર્યો છે. આ કેદીઓ ટાડા તથા પોટા હેઠળના ગુનાવાળા, હાઈકોર્ટમાં અપીલ કરી હોય તેવા, વિદેશી કેદીઓ, સી.આર.પી.સી. કલમ ૨૬૮ હેઠળના પ્રતિબંધાત્મક હુકમ કરવામાં આવ્યા હોય તેવા કેદીઓ, આતંકવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કેદીઓ, સમાજ વિરોધી ગુનાવાળા કેદીઓ, પેરોલ ફર્લો કે વચગાળાના જામીન પરથી ફરાર થઈ મોડા હાજર થયેલ કેદીઓ સિવાયના કેદીઓને તા. ૨૮-૧૦-૨૦૧૬ ધનતેરસથી ૧૫ દિવસના પેરોલનો લાભ આપવાનો નિર્ણય કર્યો છે. જેથી કેદીઓ તેમના કુટુંબના સભ્યો સાથે દીવાળી પર્વની ઉજવણી કરી શકે, તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

# ચંદ્રાલાના આશીર્વાદ ફાર્મના મકાનની ચોરીનો ભેદ ઉકેલાયો

## ફાર્મમાં કામ કરતા ત્રણ નોકરોની ૨.૭૦ લાખનાં મુદ્દામાલ સાથે ધરપકડ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક આવેલા ચંદ્રાલા ગામની સીમમાં આવેલા આશીર્વાદ ફાર્મમાં તાજેતરમાં ચોરી થવા પામી હતી. ચિલોડા પોલીસે આ ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે. ફાર્મમાં કામ કરતા ત્રણ નોકરો જ ચોરી કરીને ફરાર થઇ ગયા હતા. પોલીસે મહિસાગર જઇને આ ત્રણેય નોકરોને ચોરીનાં મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. ચોરીમાં ગયેલા રુ.૨.૭૦ લાખનાં દાગીના સાથે ત્રણેય નોકરોની ધરપકડ કરી લઇ ઝીણવટભરી તપાસ શરુ કરવામાં આવી છે.

ચિલોડા-હિંમતનગર હાઇવે પર આવેલા ચંદ્રાલા ગામની સીમમાં સ્થિત આશિર્વાદ ફાર્મના મકાનમાંથી ૧૬ ઓક્ટોબર થી ૨૩ ઓક્ટોબર દરમ્યાન સોનાનાં દાગીનાની ચોરી થવા પામી હતી. મકાનમાંથી સોનાનું મંગળસુત્ર, બંગડીઓ અને વિંટીઓ મળી રુ.૨.૭૦ લાખનાં દાગીનાની ચોરી થવા પામી હતી જે મામલે ચિલોડા પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો. એસ.પી વિરેન્દ્રસિંહ યાદવનાં માર્ગદર્શન હેઠળ ચિલોડા પોલીસમથકની ટીમે આ ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે. ફાર્મમાં કામ કરતા મહેશ કેશા ખાંટ, સંગીતા મહેશ ખાંટ અને મંજુલા ચિમન ખાંટ ત્રણેયની આ ચોરીમાં સંડોવણી હોવાનું ખુલ્યુ છે. પોલીસે આ ત્રણેય આરોપીઓને તેમના વતન મહિસાગર જીલ્લાનાં સંતરામપુર તાલુકાનાં મોટી સરસવ ગામમાંથી ચોરીના દાગીના સાથે પકડી પાડ્યા છે. રુ.૨.૭૦ લાખનો ચોરીનો મુદ્દામાલ રિકવર કરીને ચિલોડા પોલીસે ત્રણેયની ધરપકડ કરી વધુ તપાસ આરંભી છે.



# ધનતેરસ ભલે આજે હશે, ધનની તરસ તો બારે માસ છે

ગાંધીનગર, તા. ૨૮

''એ દોસ્ત તુ ક્યાં જાય છે, વ્યવહાર તહેવાર બધુ ઓફિસમાં ઉજવાય છે...'' આ પ્રકારનો એક મેસેજ સોશ્યલ મિડિયામાં ઘણા સમયથી વાઈરલ થયેલો છે. જેમાં પૈસા કમાવાની આંધળી દોટ પાછળ ભુલાતી જતી લાગણીઓ અને સાચા સંબંધોની સુવાસ અંગે માર્મિક ટકોર કરવામાં આવી છે. જો કે હાલ તો એવી પરિસ્થિતિ છે કે તહેવારો ઓફિસમાં નહી પરંતુ માત્ર મોબાઈલ સ્ક્રીન પર જ ઉજવાય છે.

દિવાળીના તહેવારમાં પણ વ્હોટસએપ ફેસબુક વગેરે જેવા સોશ્યલ મિડિયા પર વિવિધ ટુચકા, રમુજી જોક્સ વગેરે ફરતા થયેલા જોવા મળે છે. આજે ધનતેરસના તહેવારે નેટીઝન્સે એક દિવસ અગાઉથી જ આવા ચબરાકિયાં ફરતા કરી દીધા હતા. જેમાં કેટલાક ચબરાકિયાં ખૂબ જ લોકપ્રિય થવા પામ્યાં હતા. ધનતેરસના તહેવારને લગતા ફરતા

**ધનતેરસના તહેવારો સોશ્યલ મિડિયા પર અને ચબરાકિયા ફરતા થયા**

થયેલ જોક્સમાં ''દેશના સૌથી વધુ ટેક્ષ પેયરમાં સૌથી પ્રથમ નંબરે તમારૂ નામ આવે તેવી ધનતેરસની શુભેચ્છાઓ'', ''આપનું ભારતીય બેંક એકાઉન્ટ જલ્દીથી સ્વીટઝરલેન્ડની બેંકમાં ટ્રાન્સફર થાય'', ''આપનું ખાતુ સ્વીસબેંકમાં પણ ખુલે'' જેવી શુભેચ્છાઓ પ્રમુખ હતી.

આ સાથે ધનતેરસના મેસેજીસમાં મુકેશ અંબાણી સૌથી વધુ ટારગેટ બન્યા હતા. જેમાં લક્ષ્મીજી ખુદ પ્રગટ થઈ લક્ષ્મીપૂજન કરવા બેઠેલા મુકેશ અંબાણીને કહે બસ, હવે તુ રહેવા દે. ''ધનતેરસ ભલે આજે છે પણ ધનની તરસ તો બારેમાસ છે'' આવા ચબરાકિયાંઓની સાથે સાથે કેટલાક હૃદયસ્પર્શી મેસેજીસ પણ ફરતા હતા જેમ કે ''ઘરમાં દિકરી હોય તો આજે તેને જોઈતી વસ્તુ પ્રેમથી અપાવજો, લક્ષ્મીપૂજન થઈ જશે'' આમ સારા ખોટા અને મજાકિયા મેસેજીસ ફરતા કરવા એ હવે દરેક તહેવારમાં પરંપરા બનતી જાય છે.

# સેકટર-૧૯માં તહેવાર ટાણે ડાયરેકટર પાણીની સર્જાઈ સમસ્યા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સેકટર-૧૯માં આવેલ ખાનગી રહેણાંક વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી પાણી પુરવઠામાં ખૂબ જ ઓછું પ્રેસર રહે છે. કેટલાક ઉંચી પ્લિંથના મકાનોના રસોડા તો ઠીક પણ બાથરૂમ લેવલે પાણી પહોંચતું ન હોવાની વસાહતીઓમાં તહેવારના ટાણે બુમ પડી રહી છે. બિનસત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ સેકટરમાં એકાદ ફલેટનો બોર બંધ પડયો છે. અને નવો બોર તહેવારોમાં બની શકે તેમ નથી. જેથી મોટા માથાઓના નામે મોટર ચલાવીને ડાયરેકટર પાણીના સપ્લાય ટાણે ફલેટવાસીઓને પાણી આપવાનો સહેલો નુસ્ખો અપનાવ્યો હોય તેમ જણાય છે. જયારે સેકટરના અન્ય રહેવાસીઓને વાજબી પાણી પુરવઠાથી વંચિત રહે છે. હાલના સંજોગોમાં યોગ્ય ઉકેલની સત્વરે અપેક્ષા ખરી?

# દિવાળીમાં ઘર પર રોશનીનો ઝગમગાટ કરવા ચાઈના સિરીઝની બોલબોલા

ગાંધીનગર, તા. ૨૮

અત્યારે હાલના સમયે સોશ્યલ મિડીયા પર ચીની ચીજવસ્તુઓનો બહિષ્કાર કરવા અંગે રાજ્યના દરેક નાગરીકને અનુરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ફટાકડામાં મોટા વેપારીઓએ પણ ચીની ફટાકડાનો બહિષ્કાર કર્યો છે. આ વર્ષની દિવાળીમાં ચીની ફટાકડા ફૂટશે નહી માત્ર સ્વદેશી જ ફટાકડા ફૂટશે. એક તરફ ચીની ફટાકડા નહી ખરીદતા નાગરીકો બીજી તરફ દિપાવલી પર્વમાં ઘર પર રોશનીના અજવાળા પાથરવા ચીની સિરીઝનો સહારો લઈ રહ્યા છે. ત્યારે બજારમાં ઉપલબ્ધ સ્વદેશી લાઈટીંગ જ ખરીદીને ભારતીય અર્થતંત્રને વધુ મજબુત કરવું જોઈએ.

કાશ્મિરના ઉરી સેક્ટરમાં પાકિસ્તાની આતંકવાદીઓએ ભીષણ હૂમલો કરતા ૧૮ જવાનો શહીદ થયા હતા. વિશ્વના તમામ મોટા દેશો ભારતની પડખે ઉભા રહીને આ હિચકારી ઘટનાને વખોડી કાઢી હતી ત્યારે પાકિસ્તાનની તરફેણ માત્ર એકલા ચીને કરી હતી. ચીનની અવળચંડાઈનો જવાબ આપવા ભારત ભરમાં સોશ્યલ મીડીયા પર ચીની ચીજવસ્તુઓનો બહિષ્કાર કરવાની વાત ચાલી રહી છે. દિવાળીના ફટાકડાથી લઈ તમામ ચીજવસ્તુનો સમાવેશ થાય છે. રાજ્ય અને શહેરના મોટાભાગના નાગરીકો આ વાતથી સહમતિ દર્શાવતા ચીની બનાવટની ખરીદીથી દૂર રહેવા પામ્યા છે. ત્યારે શહેરના બજારોમાં દિપાવલીમાં પોતાના ઘરને રોશનીથી શણગારવા માટે કેટલાક નાગરીકો ચીની બનાવટની લાઈટ ખરીદી કરતા નજરે પડે છે. ત્યારે શહેરના નાગરીકોની પણ બેધારી નિતિ સામે આવી રહી છે.

# ભારતના સૌથી મોટા 'સ્ટાર્ટ અપ' કાર્યક્રમનું મંત્રીના હસ્તે ગાંધીનગર ખાતે લોન્ચીંગ : ૨૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૮

રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે રાજયના પ્રત્યેક યુવાનો સેવાના



માધ્યમ દ્વારા સંકલ્પબદ્ધ બને તે અત્યંત અનિવાર્ય છે.

આજે ગાંધીનગર ખાતે વડાપ્રધાનના મહત્વલક્ષી અભિયાન સ્ટાર્ટઅપ ઈન્ડિયા અંતર્ગત ભારતના સૌથી મોટા સ્ટાર્ટઅપ કાર્યક્રમનું લોન્ચીંગ કરતાં શિક્ષણમંત્રી ચુડાસમાએ જણાવ્યું છે કે, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અંતર્ગત ગુજરાતે દેશને નવો રાહ બતાવ્યો છે. ત્યારે જી.ટી.યુ. સંલગ્ન એન્જીનીયરીંગ કોલેજોના ૨૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઈનોવેશનના માધ્યમ દ્વારા રાજ્યના વિકાસમાં સહભાગી થઈ રહ્યા છે. આજે આ કાર્યક્રમની શરૂઆતથી વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે ઉદ્યોગ સાહસિકતા તથા કૌશલ્ય તાલીમ પણ આપવામાં આવશે, વિદ્યાર્થીઓને અભ્યાસક્રમની સાથે સાથે માનવી સેવા માટે નો-ક્રેડિટ કોર્સમાં પણ મળશે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનના આ કાર્યક્રમમાં રાજ્યના ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ૧૧૪ ગામમાં જઈ સ્વચ્છતા અભિયાન, ગ્રામીણ, સંશોધનો, ગ્રામીણ વ્યવસાયિક કાર્યમાં યોગદાન આપ્યું છે તેમને પણ આજે પ્રોત્સાહિત કર્યા છે તે અન્યો માટે પ્રેરકબળ બની રહેશે. આ માટે અન્ય યુનિવર્સિટીઓ પ્રેરાય તે માટે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તથા અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવી રહી છે અને સ્ટાર્ટઅપ પોલીસીના નિર્માણ માટે પણ રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે તેમ તેમણે ઉમેર્યું હતું.

ઉચ્ચ શિક્ષણ વિભાગના અગ્રસચિવ અંજુ શર્માએ સ્ટાર્ટઅપ ઈન્ડિયા કાર્યક્રમનો ખ્યાલ આપતા કહ્યું કે, વિદ્યાર્થીઓ જવાબ આપવાની સાથે સાથે પ્રશ્નો પણ પૂછે તે માટે પ્રોત્સાહિત કરવા જોઈએ, જેના લીધે તેઓ ક્રિએટીવીટી તથા સંશોધનો માટે પ્રેરાય. આ માટે રાજ્ય સરકાર સહિત શૈક્ષણિક સંસ્થાઓ પણ પુરતું યોગદાન આપે તે અત્યંત અનિવાર્ય છે.

આ પ્રસંગે જીટીયુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. રાજુલ ગજ્જરે શાબ્દિક સ્વાગત કરી યુનિવર્સિટી દ્વારા થતી કામગીરી તથા સ્ટાર્ટઅપ કાર્યક્રમ દ્વારા કરેલ વિદ્યાર્થીઓની કામગીરીને બિરદાવીને અભિનંદન આપ્યા હતા.

# ભાજપા પ્રમુખ અમીત શાહની ઉપસ્થિતિમાં પ્રદેશ આગેવાનોની બેઠક : ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કઢાયા

પ્રદેશ ભાજપ કમલમ ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં અને રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહની ઉપસ્થિતિમાં પ્રદેશ આગેવાનોની એક મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં મોરચા સેલોની પુનઃ રચના અંગે તેમજ ચૂંટણીલક્ષી કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહની ઉપસ્થિતિમાં એક મહત્વની બેઠક મળી હતી. જેમાં મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી, પ્રદેશ મહામંત્રીઓ, પ્રદેશ આગેવાનોની એક મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં રાજ્યમંત્રી મંડળના કેટલાક મંત્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપ સાથે સંકળાયેલ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ માટે વિવિધ કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું તેમજ ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં સરકાર અને સંગઠન બન્ને વચ્ચે સમન્વય જાળવવા અને રાજ્ય સરકારની યોજનાઓ અને સિદ્ધિઓની વિગતો છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટેના કાર્યક્રમો હાથ ધરવા માટે સંગઠનને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત આ બેઠકમાં પ્રદેશ મોરચાઓ અને પ્રદેશ સેલોની બાકી પુનઃ રચના પ્રક્રિયા અંગે પણ ચર્ચા વિચારણા કરીને નામોને આખરી મંજુરીની મહોર મારીને યાદીઓ તૈયાર કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. દિવાળીના દિવસે અથવા તો દિવાળી બાદ પ્રદેશ મોરચાઓ અને સેલોની પુનઃ રચના માટે નિમણુંકોની યાદી જાહેર કરીને પુનઃ રચના પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## વિ-કેર ફાઉન્ડેશન દ્વારા સેવા યજ્ઞ

વિ-કેર ફાઉન્ડેશન દ્વારા આજ રોજ સવારના સુમારે ફાઉન્ડેશનના સભ્યોની ઉપસ્થિતિમાં ધનવંતરી દેવનું પૂજન કરવામાં આવેલ હતું. આ પૂજન બાદ દિવાળી નિમિત્તે શહેરમાં વસવાટ કરતા શ્રમિક પરિવારના બાળકોને મીઠાઈ અને ફટાકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાજુભાઈ પટેલ, બિપિન પટેલ દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

# ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા ખનિજ રોયલ્ટી ચોરીની ફરિયાદો અંગે સઘન તપાસણી ઝુંબેશ

રાજ્ય સરકાર સમક્ષ થયેલ વિવિધ લોક ફરીયાદોને ધ્યાને લઈને કમિશનરશ્રી ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા તપાસણી વ્યુહ રચના ગોઠવીને એડીશનલ ડાયરેક્ટર કક્ષાના ત્રણ અધિકારીઓના સુપરવીઝન હેઠળ અગાઉ બે ઈન્સ્પેક્શન ૧૪ જિલ્લાઓમાં કરવામાં આવેલ હતુ. જેમાં કુલ ૨,૭૦,૧૬૫,૫૧ મે.ટન બિનઅધિકૃત ખનિજના જથ્થા અન્વયે આશરે ૨૧૧ લાખથી વધુની દંડની રકમ જેટલી ગેરરિતી માલુમ પડેલ હતી.

આ આકસ્મિક તપાસણીનો ત્રીજો તબક્કો આ અઠવાડિયે ગોઠવવામાં આવ્યો હતો. અને રાજ્યના બીજા દસ જિલ્લોમાં તા. ૨૨, ૨૩-૨૦૧૬ દરમ્યાન સાદી રેતી ખનીજના ગેરકાયદેસર સ્ટોરેજ અંગે તપાસ હાથ ધરવામાં આવેલ જેમાં અમરેલી, બોટાદ, ભાવનગર, રાજકોટ, જામનગર, દેવભુમીદ્વારકા, જુનાગઢ, પોરબંદર, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાં કુલ ૩૭ સ્થળે ભુસ્તરશાસ્ત્રીઓની જુદી જુદી ૬ ફલાઈંગ સ્કવોર્ડની ટીમો દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવેલ જેમાં સ્થળે સ્ટોર કરવામાં આવેલ સાદી રેતી ખનીજના જથ્થા, સ્ટોરેજ નોંધણી અને હિસાબોની તપાસ કરતા સ્ટોરેજમાં કાયદેસરના જથ્થા ઉપરાંત કુલ ૯૧,૭૧૮.૯૬ મેટ્રિક ટન બિનઅધિકૃત જથ્થો ઝડપાયેલ છે જેની દંડકીય રકમ રૂ. ૭૦,૬૨,૩૬૦ થાય છે.

## ભારત આક્રમક

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યુ છે. આજે સવાર સુધી પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. જમ્મુ જિલ્લાના કથુઆમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં એક યુવતિને ઈજા થઈ છે. જમ્મુ જિલ્લાની આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર રાત્રિ ગાળા દરમિયાન ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. કોઈ પણ ઉશ્કેરણીવગર પાકિસ્તાન દ્વારા કૃત્ય કરવામાં આવી રહ્યુ છે. સામ સામે ગોળીબાર કનાચક, અખનૂર, અરણિયા અને અન્ય કેટલાક સેક્ટરોમાં જારી રહ્યો હતો. હાલમાં સરહદ ઉપર વિસ્ફોટક સ્થિતિ સર્જાયેલી છે. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવી રહેલા ગોળીબારનો ભારતીય સેના દ્વારા જોરદાર જવાબ આપવામાં આવી રહ્યો છે. થોડાક દિવસ પહેલા જ પાકિસ્તાની ગોળીબારમાં આરએસ પુરા સેક્ટરમાં છ સ્થાનિક લોકો પણ ઘાયલ થયા હતા. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારના કારણે ગ્રામીણ લોકોમાં હાલમાં ભારે દહેશત દેખાઈ રહી છે. બીજી બાજુ કેટલાક લોકો તો અન્યત્ર ખસી જવા માટે વિચારી રહ્યા છે. પાકિસ્તાની સેના દ્વારા સતત કરવામાં આવી રહેલા ગોળીબારના કારણે વિસ્ફોટક સ્થિતી સર્જાયેલી છે. પાકિસ્તાની સેનાના વારંવાર ગોળીબારના કારણે લોકોને તેમના ઘરમાં રહેવાની સુચના આપવામાં આવી છે. બીએસએફના જવાનોએ સાત પાકિસ્તાની સેનિકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ પાકિસ્તાને ફરી સતત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે.

હાલમાં જ જમ્મુ કાશ્મીરના હિરાનગર સેક્ટરમાં હાલમાં પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામનો ભંગ કરીને જોરદાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. ઉરીમાં આર્મી કેમ્પ ઉપર ત્રાસવાદી હુમલો કરાયા બાદ જવાબી પગલા રુપે ભારત તરફથી પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસીને અનેક આતંકવાદી કેમ્પોને ફૂંકી મારવામાં આવ્યા બાદથી હચમચી ઉઠેલી પાકિસ્તાની સેનાએ ૪૦ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. ગયા ગુરુવારના દિવસે પણ આવું કૃત્ય કરવામાં આવ્યું હતું. સાથે સાથે ગયા બુધવારના દિવસે યુદ્ધ વિરામનો સીધો ભંગ કરીને ગોળીબાર કરાયો હતો. આ અગાઉ ગયા રવિવારના દિવસે પણ ગોળીબારના પરિણામ સ્વરુપે એક ભારતીય જવાન સુધીશ કુમાર શહીદ થયા હતા. પાકિસ્તાન તરફથી ભારતને ઉશ્કેરવા માટે સતત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવી રહ્યો છે. સુરક્ષા સંસ્થાઓને આશંકા છે કે, સર્જિકલ સ્ટ્રાઈકનો બદલો લેવા માટે પાકિસ્તાન સમર્થિત ત્રાસવાદી ભારતમાં ઘુસણખોરી કરી શકે છે. આ ઘુસણખોરીથી ભારતનું ધ્યાન અન્યત્ર વાળવા માટે ગોળીબાર કરવામાં આવે છે. આર્મી કેમ્પ ઉપર ૧૮મી સુપ્ટેમ્બરના દિવસે કરાયેલા ત્રાસવાદી હુમલામાં ૧૯ ભારતીય જવાન શહીદ થયા બાદ ૨૯મી સપ્ટેમ્બરના દિવસે ભારતે સર્જીકલ હુમલા કર્યા હતા.

## એસીબીના દરોડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મથતા હોય છે. જયારે અધિકારીઓ પણ આ ટાંણે કિંમતી ભેટ સોગાદો હસતા મોંએ સ્વીકારી માત્ર શુભેચ્છાના ભાવ તળે જ આ કરતા હોવાનો દંભ પણ કરતા હોય છે. આડા દિવસોમાં મુલાકાતીઓની પાંખી હાજરી વચ્ચે રજુઆત કર્તાઓને સાંભળવામાં પણ નિરસતા દાખવતા અફસરો દિવાળી ટાંણે અત્યંત વર્કોહોલિક બની જતા હોવાના દેખાડા સાથે મળતિયાઓ સાથે સાંઠગાંઠ કરીને હેપ્પી દિવાલીના શુભેચ્છા સ્લોગન સાથે બધુ ખુબ જ ઓફિસિયલ મેનરમાં સ્વીકારી લેવાના મુડમાં હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. પરંતુ બરોડામાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના બે અધિકારીઓને એ સી બી એ લાખોની ભેટ સોગાદ સાથે ઝડપી કાર્યવાહી હાથ ધરતા સરકારી અધિકારીઓમાં ફફડાટ પ્રવર્તયો છે. નગરની સરકારી કચેરીઓમાં ગીફટ પેકીંગ સ્વીકારતા અફસરો અને કર્મચારીઓ પણ મુંઝવણ અનુભવી રહયા છે. જયારે શુભેચ્છા વ્યવ્હાર માટે કચેરીમાં મળવાનુ પણ ટાળે છે. બરોડાની ઘટના બાદ સરકારી કચેરીઓમાં દિવાળીના શુભેચ્છા વ્યવ્હારમાં ડરના જરૂરી હૈ તેવા ઘાટ ઘડાયો છે. પ્રદુષણ નિયંત્રણ બાર્ડની કચેરીમાં તો એ સી બી ના પ્રતાપથી દિવાળી ટાંણે પણ રૂટિન દિવસોની જેમ જ બધુ ચાલે છે. ઓફિસમાં તો માત્ર સાંકર ખાઈને જ હેપ્પી દિવાલીની શુભેચ્છા પાઠવાનો ટ્રેન્ડ પાછો શરૂ થઈ જશે તેવી ટિખ્ખળ કચેરી સંબંધિત વર્તુળમાં કાને અથડાય છે.